## પાઠ - ૬, ભીખુ, (ગુજરાતી, ધોરણ - ૭)

| ID | Questions | Question Image |
|---|---|---|
| 1 | "ભીખુ" પાઠના લેખક કોણ છે ?<br>( ) ધૂમકેતુ<br>( ) પ્રવીણ દરજી<br>( ) કાકા કાલેલકર<br>( ) કિશોર અંધારિયા | |
| 2 | બજાર શેનાથી ભરચક હતું ?<br>( ) મીઠાઈ ખરીદવા આવેલા લોકોથી<br>( ) મોટર, ગાડી,સાઈકલ અને માણસોના ઠઠારાથી<br>( ) ભીખ માગતા ભિખારીઓથી<br>( ) ફૂલો વેચતા લારીવાળાથી | |
| 3 | અકસ્માતથી બચવા માટે લેખક કયાં ચાલે છે ?<br>( ) આડી ગલીમાં<br>( ) ભરચક બજારમાં<br>( ) ફૂટપાથ પર<br>( ) દુકાનના ઓટલા પર | |
| 4 | દર્દથી બોલાયેલા કયા શબ્દોએ લેખકને આગળ જતાં થંભાવ્યા ?<br>( ) ભગવાનના નામે કાંક આપો<br>( ) એક કંગાલ પર ઇતની રહમ કરો<br>( ) મેરે બચ્ચે પર કોઈ રહમ કરો<br>( ) એક ગરીબડી સ્ત્રી પર કોઈ દયા કરો | |
| 5 | લેખક શા માટે રાડ પાડી ગયા ?<br>( ) એક નાના છોકરાને મૃત્યુના મુખમાં જતો જોઈ<br>( ) એક કંગાલ સ્ત્રીને મૃત્યુના મુખમાં જતી જોઈ<br>( ) એક નાની છોકરીને મૃત્યુના મુખમાં જતી જોઈ<br>( ) એક વૃદ્ધ પુરુષને મૃત્યુના મુખમાં જતો જોઈ | |
| 6 | લેખકને કેવા શબ્દો કહીને એક જણો ભટકાતો ચાલ્યો ગયો ?<br>( ) માફ કરજો ભાઈ સાહેબ<br>( ) માફ કરજો કાકા<br>( ) માફ કરજો શેઠ<br>( ) માફ કરજો માસ્તર | |
| 7 | અંધારા ખૂણામાં બેઠેલી સ્ત્રીના પગ પાસે ઉઘાડે શરીરે કેટલાં છોકરાં સૂતાં હતાં ?<br>( ) બે<br>( ) ત્રણ<br>( ) ચાર<br>( ) એક | |

| | | |
|---|---|---|
| **8** | લેખકે કોટના ખીસામાં તપાસ કરતાં કેટલાં પૈસા નીકળ્યા ?<br>( ) નવ પૈસા<br>( ) છ પૈસા<br>( ) ત્રણ પૈસા<br>( ) બે પૈસા | |
| **9** | સિનેમાએ અને હોટલે અનુક્રમે લેખક પાસેથી કેટલાં આના ઉપાડી લીધા હતાં ?<br>( ) છ અને નવ આના<br>( ) છ અને ત્રણ આના<br>( ) નવ અને ત્રણ આના<br>( ) નવ અને છ આના | |
| **10** | લેખકે કંગાળ લાગતી બાઈના હાથમાં કેટલાં પૈસા આપ્યા ?<br>( ) નવ પૈસા<br>( ) છ પૈસા<br>( ) ત્રણ પૈસા<br>( ) બે પૈસા | |
| **11** | "મા ! કાંઈ ખાવાનું છે ? " આ વાક્ય કોણ બોલે છે ?<br>( ) છોકરી<br>( ) પૈસાના ખખડાટથી જાગેલ છોકરો<br>( ) પારસી સ્ત્રી<br>( ) લેખક | |
| **12** | "ખાવાનું તો ભાઈ લાવે ત્યારે ... " આ વાક્ય કોણ બોલે છે ?<br>( ) મા<br>( ) બહેન<br>( ) ભાઈ<br>( ) લેખક | |
| **13** | દસ-બાર વર્ષનો છોકરો અનિમેષ દ્રષ્ટિએ કઈ મીઠાઈ તરફ જોઈ રહ્યો હતો ?<br>( ) જલેબી<br>( ) મોહનથાળ<br>( ) લાડવા<br>( ) બરફી | |
| **14** | "એઈ - આંખ પણ નથી કે શું ? " આ વાક્ય કોણ બોલે છે ?<br>( ) પારસી બાનુ<br>( ) અજાણ્યો પુરુષ<br>( ) પટાવાળો<br>( ) મીઠાઈવાળો | |
| **15** | ભિખારી એક દુકાને ઊભો રહી શું જોખાવતો હતો ?<br>( ) જલેબી<br>( ) શીંગ<br>( ) વટાણા<br>( ) દાળિયા | |

| | | |
|---|---|---|
| **16** | "એક શેઠિયે મને જલેબી ખવડાવી ! "આ વાક્ય કોણ બોલે છે ?<br>( ) દુકાનદાર<br>( ) ભિખારી છોકરો<br>( ) લેખક<br>( ) પારસી બાનુ | |
| **17** | "વદન કરમાઈ જવું" રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?<br>( ) આનંદિત થઈ જવું<br>( ) નિરાશ થઈ જવું<br>( ) ફૂલ કરમાઈ જવું<br>( ) મો મચકોડાઈ જવું | |
| **18** | "તૃષ્ણા"શબ્દનો અર્થ શું થાય ?<br>( ) તરસ<br>( ) જાગૃત<br>( ) ઈચ્છા<br>( ) અનિચ્છા | |
| **19** | સાચી જોડણી શોધો<br>( ) વીજળી<br>( ) વિજળી<br>( ) વીજલી<br>( ) વિજલી | |
| **20** | "આર્ત સ્વર" શબ્દનો અર્થ શું થાય ?<br>( ) આનંદી અવાજ<br>( ) મોટો અવાજ<br>( ) ધીમો અવાજ<br>( ) દુખભર્યો અવાજ | |